**રેગ્યુલર દિવાની મુકદ્દમા નં. ૩૪/૨૦૨૧**

**–:: વાદીની આંક–૦૫ ની અરજી લગત હુકમ ::–**

---

(૧) હાલની અરજી વાદીએ સી.પી.સી.ઓર્ડર ૩૯, રૂલ–૧, ૨ મુજબ મનાઈ હુકમ મેળવવા માટે દાખલ કરેલ છે અને તેના સમર્થનમાં આંક–૪ થી લીસ્ટ ઓફ ડોકયુમેન્ટ રજુ કરેલ છે તેમજ સદર કામે પ્રતિવાદીને દાવાની નોટીસ અને સમન્સ કરતા ધોરણસર બજી ગયેલ છે અને તેઓ તરફે વિ.વ.શ્રી ડી.એમ.મહેતા નાઓ તારીખ ૦૭–૧૨–૨૦૨૧ ના રોજ હાજર થયેલા છે અને તેઓએ જવાબ રજુ કરવા માટે મુદ્દત માંગેલી છે તેમ છતાં પ્રતિવાદીઓએ પોતાના બચાવમાં કોઈ લેખીત કે મૌખીક રજુઆત કરેલ નથી. તેવા સંજોગોમાં તારીખ ૨૪–૦૮–૨૦૨૨ ના રોજ પ્રતિવાદીના જવાબનો હકક બંધ કરવામાં આવેલ છે અને ત્યારબાદ હાલની અરજી સુનવણી માટે રાખવામાં આવેલ છે.

(૨) સદર કામે વાદી તરફે વિ.વ.શ્રી ડી.કે.શેઠ નાઓએ પોતાની મૌખીક દલીલ સાંભળી તથા પ્રતિવાદી તરફે કોઈપણ લેખીત કે મૌખીક રજુઆત નથી.

(૩) ઉપરોકત અરજીના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા કાઢવામાં આવેલા છે.

| | |
|---|---|
| ૧) | શું વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે ? |
| ૨) | શું સગવડતા અગવડતાનું પલ્લુ વાદીની તરફેણમાં છે ? |
| ૩) | શું વાદીને માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપવામાં ન આવે તો નાણાથી ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન થવાની શકયતા છે ? |
| ૪) | શું આખરી હુકમ ? |

(૪) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણય નીચે મુજબ છે.

૧) નકારમાં
૨) નકારમાં
૩) નકારમાં
૪) આખરી હુકમ મુજબ.

(૫) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયના કારણો નીચે મુજબ છે.

**કારણો**

(૬) મુદ્દા નં. ૧ થી ૩ :– મુદ્દા નં. ૧ થી ૩ એકબીજા સાથે સંકળાયેલ હોય જેથી સમય બચાવવા માટે એક સાથે ચર્ચા કરવામાં આવે છે.

(૭) સદર કામે વાદીની અરજીમાં મુખ્યત્વે દાદ એવી માંગેલ છે કે, સદરહું દાવાવાળી મિલ્કતનો કબ્જો આ કામના પ્રતિવાદી પાસે છે અને તેઓ કોઈપણ વ્યકિતને વેચાણ, ગીરો, બક્ષીસ આપે અપાવે નહી તેમજ તેના ઉપર કોઈપણ સરકારી કે અર્ધસરકારી સંસ્થાનો લેણુ, બોજો, લીયન ઉભા કરે કરાવે નહી તેવો હુકમ ફરમાવવા અરજ કરેલ છે. વાદી તરફે વિ.વ.શ્રી ડી.કે.શેઠ નાઓને દલીલમાં તેમને એમ જણાવેલ છે કે, આંક–૦૫ ની અમારી જે અરજી છે તેને જ અમારી આખરી દલીલ સમજવી તેમ પોતાની મૌખીક દલીલમાં જણાવેલ છે.

(૮) સદરકામે વાદી તરફેની મૌખીક દલીલો તેમજ રજુ થયેલ દસ્તાવેજોને વંચાણે લેતા તથા મનાઈહુકમની અરજીની દાદને ધ્યાને લેતાં આ કામના વાદીએ પ્રતિવાદીની તરફેણમાં સને–૨૦૧૬ માં રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં. ૬૫૬ કરી આપેલ હતો જે રદબાતલ ઠેરવવા અને વિજ્ઞાપન કરવા કાયમી મનાઈ હુકમ મેળવવા માટે દાખલ કરેલ છે. વધુમાં વાદીઓએ જે દસ્તાવેજ પ્રતિવાદીની તરફેણમાં કરી આપેલો છે તે વેચાણ અવેજ લઈને કરી આપેલો છે અને તેનો કબ્જો પણ પ્રતિવાદીને સોંપેલો છે તેમજ વાદી જે સમજુતી કરાર કરેલો છે તેમાં સંમતી આપનાર પક્ષકારો પણ છે જેઓને વાદીએ હાલના કામે પક્ષકાર તરીકે જોડેલા નથી જયારે સમજુતી કરારમાં તેઓ સંમતી આપનાર છે અને જયારે રજુ થયેલ દસ્તાવેજો જોતા વાદી પાસે કોઈપણ ટાઈટલ કે કબ્જો નથી અને હાલનો દસ્તાવેજ પ્રતિવાદીને કરી આપેલો છે તે હકીકત સ્પષ્ટ થાય છે અને જેમાં વેચાણ અવેજ પણ વાદીઓએ સ્વિકારેલ છે અને પક્ષકારો વચ્ચે માર્ક ૩/૩ થી જે સમજુતી કરાર થયેલો છે તે સમજુતી કરારમાં જે કોઈપણ શરતો દર્શાવેલી છે તે મુજબ આ કામના પ્રતિવાદીએ વર્તન કરેલુ નથી. તેવા સંજોગોમાં જયારે વાદીઓએ પોતાની સમજુતી થી અને બુધ્ધીપૂર્વકના નિર્ણય અને કાયદાના પ્રસ્થાપીત સિધ્ધાંતો મુજબ અવેજ લઈને વેચાણ દસ્તાવેજ કરી આપેલો છે અને માર્ક ૩/૩ ના સમજુતી કરાર જે નોટરાઈઝડ કરેલો છે તેમજ પ્રતિવાદીએ જે નાણા વાદીઓને આપેલા છે કે કેમ તે હકીકત પુરાવાના આધારે નકકી થઈ

શકે તેમ છે અને જે વેચાણ દસ્તાવેજ રદ કરાવવા માટે વાદીઓએ દાવો દાખલ કરેલો છે તે પુરાવાના આધારે જ નકકી થઈ શકે તેમ છે. તેવા સંજોગોમાં વાદીનો પ્રાઈમાફેસી કેસ નથી, બેલેન્સ ઓફ કન્વીન્યન્સ પણ વાદીની તરફેણમાં નથી અને મનાઈહુકમ ન આપવાથી વાદીઓને નાણા થી ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન થાય તેમ નથી. તેવા સંજોગોમાં મુદ્દા નં. ૧ થી ૩ નો નિર્ણય નકારમા ઠરાવું છુ અને મુદ્દા નં. ૪ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

***–:: આખરી હુકમ ::–***

૧. વાદીની હાલની મનાઈહુકમની અરજી નામંજુર કરવામાં આવે છે.

૨. ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

**હુકમ આજરોજ તારીખ–૧૨ મી, માંહે–એપ્રિલ, સને–૨૦૨૩ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.**

Sd/-

જયેશ લક્ષ્મણભાઈ પરમાર
પ્રિન્સીપાલ સીવીલ જજ,જામકંડોરણા
UIC No. GJ 01441

સ્થળ : જામકંડોરણા
તારીખ : ૧૨–૦૪–૨૦૨૩